# P. S. SCIENCE & H. D. PATEL ARTS COLLEGE, KADI

**Internal Examination**

**B.A. Semester - V** [Mark : 40

10-10-2015] **Gujarati : CC-510** [11-00 to 12-30

---

**(સમીક્ષા - અપઠિત)**

**1. નીચેના પરિચ્છેદનો સંક્ષેપ કરો.** **14**

પ્રાર્થના એ એક રીતે હૃદયનું સ્થાન છે અને બીજી રીતે હૃદયનો ખોરાક પણ છે. પ્રાર્થનાના વાતાવરણમાં જો આપણે તલ્લીન થઈ શક્યા તો હૃદયમાં ભેગા થયેલા અને કુસંસ્કારો અને મલિન સંકલ્પો ધીમે ધીમે ઓગળી જાય છે અને શુભ સંકલ્પો મજબૂત અને વિકસિત થતા જાય છે. પ્રાર્થનામાં આપણે કશું માગીએ કે ન માગીએ, ભગવાનની સન્નિધિમાં આપણે ઊભા રહીએ એટલે આખું વાતાવરણ એની મેળે પવિત્ર થતું જાય છે. સમૂહમાં કરેલી પ્રાર્થના દ્વારા, એમાં ભળનાર લોકો વચ્ચે એક જાતની આત્મીયતા અને આત્મપરાયણતા પેદા થઈ શકે છે. સમાજ એક જાતની આત્મીયતા અને આત્મપરાયણતા પેદા થઈ શકે છે. સમાજ અનેક રીતે પડેલો હોય, હારેલો હોય અને છિન્નભિન્ન થયો હોય તોયે એમાં નવું ચૈતન્ય પેદા કરવા માટે પ્રાર્થના સમર્થ છે. પ્રાર્થના એ માણસ જાતની છેલ્લી મૂડી છે. બાકી કશું ન રહ્યું હોય તોય પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે છે. પ્રાર્થનાની ટેવ તો કઠણ પ્રસંગે અચૂક એનું જ શરણ લેવાનું સૂઝે છે એને એ રીતે સમુદ્રમાં ડૂબનાર માણસ માટે રબરનાં કડાં કે કોર્ડબૂચનાં જેકેટ કામ આવે છે, તેમ પ્રાર્થના કામ આવે છે, દરેક કુટુંબમાં કાંઈ નહિ તો રોજ એક વાર સવાર કે સાંજ, બધા લોકોએ ભેગા થઈ પ્રાર્થના કરવાનો રિવાજ રાખવો જોઈએ.

**અથવા**

વિવેચનના સિંહાસન પર બેસવા આવનારનો સૌથી પહેલો ને અગત્યનો ધર્મ ગુણ તે એની સત્યનિષ્ઠા છે. વિવેચનનું સિંહાસન એ ધર્માસન છે. એના ઉપર બેસી વિવેચકે અદલ ઈન્સાફ આપવાનો છે. અને તેથી પોતાને હાથે જ કોઈને જરા પણ અન્યાય થઈ ન જાય એટલા માટે પોતાની સમક્ષ આવેલી સાહિત્યકૃતિ ખરેખર કેવી છે તે કાળજીપૂર્વક તપાસી જઈ તેને વિશે પોતાનો સાચો નિર્ણય જણાવવો એ તેની મુખ્ય ફરજ છે. આપણા આ વિવેચકે એકવાર કહેલું કે એમાં એક બાજુથી કવિને એમ કહેવા જેવું છે કે તારે માટે વિવેચકનું આ કથન તો મારવા જાય બીજાને ને મારી બેસે પોતાની જાતને એવું આંધળાના ગોરીબાળ જેવું છે. કાલિદાસ અને સોક્રેટિસના જમાનાથી કવિ કહેતો આવ્યો છે કે જુઓ ભાઈ, એક દિવસ લાગણીનો ઉભરો આવ્યો અને બેસીને ધૂનમાંને ધૂનમાં આ કંઈક મેં ચીતરી માર્યું છે. એ લખ્યું છે તો મેં જ, પણ એ સમુચિત છે કે નહિ, શ્રોતાજનોને એ પૂરો રસ આપી શકશે કે નહિ તથા પંડિતજનોની કસોટીમાં એ ઊભું રહી શકશે કે નહિ, એ કશું હું જાતે નક્કી કરી શકતો નથી.

- વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

**2. નીચેના કાવ્યનું રસદર્શન કરો.** **14**

અષાઢે તણખલું ના તોડીએ જી,
એ જી, એ તો ફૂટતું રે ઘાસ,
એમાં ધરતીનો શ્વાસ,
એની પત્તીની પીમળમાં પોઢીએ જી,
પ્રભાતે પછેડિયું ના ઓઢીએ જી,
એ જી, આવ્યાં અજવાળાં જાય,
આવ્યાં વાયુએ વળી જાય.
આવ્યારે અતિથિ ના તરછોડીએ જી
એ જી, એ તો ફાગણ કેરું ફૂલ.
એમાં એવી તે કઈ ભૂલ ?
પરથમ મળિયા શું મઉખ ના મોડીએ જી.

- ઉશનસ્

અથવા

ધમાલ ન કરો - જરાય નહિ નેન ભીનાં થશો.
ઘડી બે ઘડી જે મળી - નયનવારિ થંભો જરા,
કૃતાર્થ લઈ લો, ફરિ નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો !
ધમાલ ન કરો, ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની
ધરો કુસુમ શ્રીફળો, ન ફરી જીવને આ થવો
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો !
ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્નને કશું.
રહ્યું વિકસતું જ અંત સુધી જેહ સૌંદર્ય તે
અખંડ જ ભલે રહ્યું, હૃદય સ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજન પ કદી પૂરશે,
મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જુદાં થિયે,
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?

- **'શેષ'**

**3. વિચાર-વિસ્તાર-અર્થ-વિસ્તાર કરો. (ગમે તે બે)** **12**

(૧) 'હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી.'

(૨) 'સંયમ શોભે છે, શીલથી ને યૌવન શોભે છે સંયમ વડે.'

(૩) 'મન મેલાં તન ઊજલા, બગલા કપટી અંગ,
તેથી તો કાગા ભલા; તન-મન એક રંગ.'

(૪) 'જે જન પામે પૂર્ણતા, તે ન કદી ફૂલાય;
પૂરો ઘટ છલકાય નહિં, અધૂરો ઘટ છલકાય.'

---